# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૩/૧૯-૨૦/૭૬૩૮–૨** **તા.૧૯–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૦/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **વાઘેલા અમૃતલાલ નરશીભાઈ** ગામ: **મવડી રોડ**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૧૧-૨૦૧૯ ( બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર વાઘેલા અમૃતલાલ નરશીભાઈ ગામ -મવડી રોડ, તેઓની અરજીના નોંધણી નં: ૧૦/ક્વા-૩/૧૯-૨૦ માં જણાવે છે કે,** તેઓએ સીંગલ ફેઇઝ ગ્રાહક નં–૩૦૬૦૮ / ૪૩૮૭૯ / ૦ માથી થ્રી ફેઇઝ વીજજોડાણ કરવા માટે તા.૨૯–૦૭–૧૯ થી ભાવપત્રક અને ટેસ્ટ રીપોર્ટ તા.૦૫–૦૮–૧૯ થી ભરપાઈ કરેલ છે. તેમ છતા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા થ્રી ફેઇઝ નુ મીટર લગાડવામા આવેલ નથી. જેથી – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારશ્રી અમૃતલાલ નરશીભાઈ વાઘેલા તેઓના હૈયાત

વીજજોડાણ ગ્રાહક નંબર ૩૦૬૦૮/૪૩૮૭૯/૦ થી બે કિલોવોટનું જોડાણ ધરાવતા હતા જેમાં અરજદાર દ્વારા લોડ વધારાની અરજી તા.૧૬.૦૭.૨૦૧૯ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયત ભાવપત્રક તા.૨૦.૦૭.૨૦૧૯ ના રોજ પાઠવવામાં આવેલ જે અરજદાર દ્વારા તા.29.૦૭.૨૦૧૯ ના રોજ અને ટેસ્ટ રીપોર્ટ તા.૦૫.૦૮.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ છે.

૩.૧ અરજદાર ની સોલાર રૂફટોપ ની અરજી અન્વયે થ્રી ફેઇઝ સોલાર બાયડાયરેકશનલ મીટર લગાડવાનુ થતુ હોય, જે ઉપલબ્ધ થતા – તા.૦૮–૧૧–૧૯ ના રોજ લગાડવામા આવેલ છે, જેથી અરજદાર ને તેઓની ફરીયાદ બાબતે નુ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિરાકરણ કરાયેલ હોય – સમાધાનપત્ર તા.૧૧–૧૧–૧૯ મા લેખીત સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં ૩.૦ થી ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૧–૧૧–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| ( કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |